




હાલ માં ઉનાળા ની સિઝન ચાલી રહી છે અને તેમા પણ યાત્રાધામ અંબાજી ના ગબ્બર ગઢ ની કોતરો માં અનેક ઘણા મધપુડા મધમાખીઓ દ્વારા બનાવવા માં આવ્યા છે અને છેલ્લા કેટલાક દિવસો થી ગરમી વધુ પડતા પથ્થરો વધુ ગરમ બનતા મધમાખીઓ ઉડી યાત્રીકો ને ડંખના ના બનેલા કિસ્સાઓના પગલે અંબાજી મંદિર ટ્રસ્ટે તાકીદે ગબ્બર ની કોતરો માં રહેલા ૨૦ તી ૨૫ જેટલા મોટા મધપુડા દુરકરવા નો આદેશ કરવામાં આવ્યો હતો એટલુજ નહી સતત બે દિવસ સુધી ચાલનારી આ પ્રકીયા ને લઈ અંબાજી ના ગબ્બર ગઢ ઉપર બે દિવસ સુધી દર્શનાર્થીઓ માટે દર્શન બંધ કરવા માં આવ્યા છે એટલુજ નહી ગબ્બર ખાતે રોપ વે ને પણ બે દિવસ બંધ રખાસે આજે ગબ્બર પર મધમાખીઓના મધપુડા દુર કરવાની કામગીરી ઠાકોર સમાજ ના ૨૦ જેટલા ગબ્બર ના પુજારીઓ દ્વારા એક ધાર્મીક વિધી કર્યા બાદ હાથ ધરવામાં આવી હતી આજે વહેલી સવાર થી યાત્રીકો ગબ્બર ઉપર ચઢી જતા કામગીરી મોડા પડતા આવતીકાલે પણ આ કામગીરી ચાલુ રહે તેવા શક્યતા જોવામલી રહી છે ..ખરેખર જંગલ માંથી કે ઊંચી પહાડી ઉપર થી મધપુડા તોડી તેમાથી મધ નિકાલવુ એ પણ એક કલા અને જોખમભર્યુ કામ છે.

# ઊંઝા ઉમિયા જળાશયમાં ન્હાવા પડેલ બે ના ડૂબી જવાથી મોત

ઊંઝા, તા. ૧૩

આજે ઊંઝા ખાતે વૈજનાથ મહાદેવ પાસેના ઉમિયા જળાશયમાં બપોરના સમયે ન્હાવા માટે પડેલ પાંચ કિશોરો પૈકી બે તરૂણોના પાણીમાં ડૂબી જવાથી કરૂણ મોત નિપજ્યા હતા.

વિગત એવી છે કે ઊંઝા શહેરમાં રહેતા ગરીબ પરિવારોના પાંચ કિશોરો આજે બપોરના સમયે વૈજનાથ મહાદેવ નજીકના ઉમિયા જળાશય (તળાવ)માં ન્હાવા માટે ગયા હતા. દરમિયાન આ પાંચેય તરૂણો ઊંડા પાણીમાં ડૂબવા લાગતાં તેઓએ બૂમરાણ કરી હતી. જેથી આસપાસમાં રહેતા લોકો દોડી આવ્યા હતા. તેમજ કેટલાક તરવૈયા પણ આવી પહોંચતા તેઓએ જળાશયમાં જંપલાવી પાંચ તરૂણો પૈકી ત્રણ તરૂણોને બચાવી લીધા હતા. જ્યારે બે તરૂણોના પાણીમાં ડૂબી જવાથી મોત નિપજ્યા હતા. તરવૈયાઓએ બંને તરૂણોની લાશોને શોધી બહાર કાઢી હતી. બાદ ઘટનાસ્થળે આવેલ પોલીસે લાશોનું ઈન્વિગેશન કરી પોસ્ટમોર્ટમ માટે સ્થાનિક સરકારી દવાખાને મોકલી આપી હતી. આ કરૂણ ઘટનાથી મૃતક કિશોરોના પરિવારોમાં શોકની કાલિમા છવાઈ ગઈ હતી. મૃતક તરૂણોમાં રાવળ મૌલિક રાકેશભાઈ ઉર્ફે ટીનાભાઈ ઉ.વ. ૧૬ રહે. ઊંઝા તેમજ રાવળ કિરણ પોપટભાઈ ઉ.વ. ૧૩ રહે. ઊંઝાની ઓળખ થઈ હતી.

આ બનાવ અંગે ઊંઝા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. આ બનાવથી શહેરીજનોમાં પણ ભારે અરેરાટી ફેલાઈ હતી.



## લાયોનેસ કલબ દ્વારા પગરખા વિતરણ

લાયોનેસ કલબ ગાંધીનગર દ્વારા સરકારી પ્રાથમિક શાળા સે-૧ ૩માં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ બહેનોને લાયોનેસ કલબ તરફથી બાળકોને પગરખા વતરણ કરવામાં આવ્યા હતા. આ સેવાકીય કાર્યમાં શાળાના આચાર્ય, શિક્ષકગણ અને લાયોનસ કલબના પદાધિકારીઓ હાજર રહ્યા હતા.

## હરિદ્વાર યાત્રા માટે બેઠકનું આયોજન

ગાંધીનગર, તા.૧૩

સુંદરધામ પરિવાર દ્વારા દર વર્ષે શ્રાવણ માસમાં હરિદ્વાર ખાતે કથાનું આયોજન કરવામાં આવે છે.ત્યારે ચાલુ વર્ષે પણ તા.૧-૯-૧૮ થી ૯-૯-૧૮ દરમિયાન કથાનું આયોજન કરવામાં આવ્યું છે. હરિદ્વાર ખાતે ૯ દિવસ આયોજીત કથામાં ભકતોને રેલ્વે દ્વારા લઈ જવામાં આવશે. આ યાત્રાની મીટીંગ સેકટર-૧૪ એચઆઈજી ફ્લેટ નં-૧૨-૧૪૦ ગુ.હા.બોર્ડ ખાતે સાંજે ૬ થી ૭ કલાક દરમિયાન યોજાશે. તો પોતાના ફોર્મ લઈ પધારવું વધુ માહિતી માટે ૯૪૨૮૫૯૫૭૪૧ પર સંપર્ક કરવો.

# ઈન્દ્રોડા પાર્કમાં પશુ-પક્ષી અને પ્રાણીઓ માટે વોટર કુલર ગોઠવાયા

ગાંધીનગર, તા.૧૩

ઉનાળાના પ્રારંભે જ શહેરમાં ગરમીનું પ્રમાણ વધુ જોવા મળી રહ્યું છે. શહેરમાં અંગ દઝાડતી ગરમીને પગલે નગરજનો ઘરમાં પુરાઈ રહે છે. ત્યારે પશુ,પક્ષી અને પ્રાણીઓની હાલત કફોડી બની જવા પામે છે. નાગરીકો તો ઘરમાં પંખા, એસી તેમજ કુલર શરુ કરીને ગરમીથી રાહત મેળવે છે.પરંતુ અબોલ પશુ,પક્ષી તેમજ પ્રાણીઓનું શું.. ત્યારે ગાંધીનગર શહેરના પ્રવેશદ્વાર સમાન ચ-૦ પાસે આવેલ ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે તંત્ર દ્વારા ગરમીથી નાગરીકો ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે. ગરમીથી રાહત મેળવવા માટે નગરજનો એસી, પંખા અને કુલર સહિતના ઉપકરણો શરુ કરીને ગરમીથી રાહત મેળવે છે. ત્યારે પશુ, પક્ષી અને પ્રાણીઓ માટે નગરના સેવાભાવી નાગરીકોએ ઠેરઠેર પક્ષી-પ્રાણી પરબ સેવા શરુ કરી છે. પરંતુ ગરમીથી કંટાળેલા પ્રાણીઓની હાલત કફોડી બની જવા પામે છે. ત્યારે ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન તંત્ર દ્વારા ઉનાળાની ગરમીને ધ્યાને લઈ પશુ-પક્ષીઓ અને પ્રાણીઓ માટે ખાસ વિશેષ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. તેઓને સીધી



રાખવામાં આવેલ પશુ, પક્ષી અને પ્રાણીઓ માટે કુલર અને ખસટટ્ટી મુકીને ગરમીથી રાહત આપવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

ઉનાળાના પ્રારંભિક તબબકામાં જ અતિશય ગરમી પડી રહી છે. શહેરના આકાશમાંથી અગનગોળા વરસી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. બપોરના સમયે શહેરના માર્ગો સુમસામ બની જાય છે. નગરજનો ઘરમા પુરાઈ રહે છે કામ સિવાય કોઈ ઘરની બહાર નીકળવાનું પસંદ કરતા નથી. ગરમીના લાગે તે માટે ખસટટ્ટી લગાવવામાં આવી છે. તેમજ ખસટટ્ટી પર સતત કર્મચારીઓ દ્વારા પાણીનો છંટકાવ કરવામાં આવે છે. ઉપરાંત કેટલાક સ્થળો પર વોટર કુલર ગોઠવવામાં આવ્યા છે. ઠંડુ પાણી આપવામાં આવે છે. પાણીનો છંટકાવ કરવામાં આવે છે જેથી પ્રાણીઓને ગરમીથી રાહત મળી શકે. ઉનાળાના પગલે તંત્રના અધિકારીઓ પણ વિશેષ તકેદારી રાખતા હોય છે. પ્રકૃતિ ઉદ્યાનમાં પશુ, પક્ષી અને પ્રાણીઓ ગરમીથી રાહત મેળવવા કુલર સામે નજરે પડી રહ્યા છે.



## મહુન્દ્રા ખાતે ભારતીય જનતા પક્ષનો સ્થાપના દિન ઉજવાયો

ગાંધીનગર તાલુકાના મહુન્દ્રા ખાતે ૬ એપ્રિલે ૩૯મો ભારતીય જનતા પાર્ટીનો સ્થાપના દિનની ઉજવણી નિમિત્તે ભાજપાનો આજ સુધીની વિકાસયાત્રા અને ઉપલબ્ધિનો અવિરત વિકાસગાથા સ્વરૂપે મહુન્દ્રા ગામના ભાજપાના સક્રિય હોદ્દેદારો, કાર્યકરો દ્વારા પક્ષનો ખેસ ધારણ કરી માથે કેપ પહેરી હાથમાં પક્ષનો ઝંડો લઈને ગામના મુખ્ય શેરીઓમાં રેલીનું આયોજન કર્યુ હતુ. ભાજપની વિકાસગાથા અને ઈતિહાસનું વર્ણન કરતી પત્રિકાનું વાંચન અને વિતરણ કર્યુ હતુ. આ કાર્યક્રમમાં ગામના સક્રિય સભ્યો નાગજીભાઈ, પ્રભાતભાઈ દેસાઈ, કલીબેન ચૌધરી, લાલાભાઈ ચૌધરી, નટવરસિંહ વગેરે જોડાયા હતા.

# રવિવારે ગઝલકાર હર્ષદ ચંદારાણાનો કાર્યક્રમ યોજાશે

માતૃભાષા ગુજરાતીમાં રસ કેળવાય અને મા ગુર્જરીના પનોતા-અમોલ સાહિત્યનું સંવર્ધન થાય તે અંગેના સાહિત્યિક કાર્યક્રમો અંતર્ગત ગાંધીનગર સાહિત્યસભાના ઉપક્રમે અમરેલીના ખ્યાતનામ કવિ-ગઝલકાર શ્રી હર્ષદ ચંદારાણાના કાવ્ય ગઝલનો સ્વમુખે પઠનનો કાર્યક્રમ તા. ૧૪-૪-૨૦૧૮ને રવિવારના રોજ સાંજે ૫.૩૦ કલાકે ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવનના સમિતિ ખંડમાં, સે-૧૨ ખાતે યોજવામાં આવેલ છે. આ સાહિત્યિક કાર્યક્રમમાં સંસ્થાના સર્વે સભ્યો, નગરના મહાનુભાવો, સાહિત્યકારો-રસિકો-ભાવકોને પધારવા પ્રવકતા મૂળજીભાઈ પરમાર 'દધિ'એ આમંત્રણ પાઠવ્યું છે.

# બાયડ ખાતે જીએસએફસી દ્વારા માર્ગદર્શન શિબિર યોજાઈ

બાયડ, તા. ૧૩

ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ લી. દ્વારા બાયડ, ધનસુરા, માલપુર, મોડાસા, મેઘરજ તાલુકાઓમાં વિવિધ ખાતરોના સાચો વપરાશ કરવા ખેડૂતોને માર્ગદર્શન આપવા જીપવાન દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. જેમાં ધનસુરા તાલુકાના બાડેરા કંપા તથા મેઘરજ તાલુકાના ફેક્ટરી કંપા ખાતે ખેડૂત સભાઓ યોજી જીએસએફસીના અધિકારીઓએ ખેડૂતોને માર્ગદર્શન આપ્યુ હતુ.

જીએસએફસી દ્વારા તા. ૧૦ અને ૧૧ એપ્રિલના રોજ બાયડ, ધનસુરા તાલુકાના કુલ ૧૦ ગામોમાં તેમજ મોડાસા, માલપુર, મેઘરજના કુલ ૯ ગામોમાં એન.પી.કે., ગંધકયુક્ત પાણીમાં દ્રાવ્ય અને સૂક્ષ્મ તત્વોયુકત ખાતરોનો જરૂરિયાત પ્રમાણે તેમજ સાચો ઉપયોગ કરવા ખેડૂતોને માર્ગદર્શન આપવા જીપવાન દ્વારા મિશન યોજ્યુ હતુ. જેમાં ધનસુરા તાલુકાના બાડેરા કંપા ખાતે તથા મેઘરજ તાલુકાના ફેક્ટરી કંપા ખાતે ખેડૂત સભાઓનું આયોજન કરાયુ હતુ. ખેડૂત સભામાં મોટી સંખ્યામાં ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં જીએસએફસી હિંમતનગરના ઈન્ચાર્જ ડૉ. એસ.બી. રાવલ તથા અન્ય ડેપો સંચાલકો સહિત અન્ય અધિકારીઓએ ઉપસ્થિત રહી ખેડૂતોને ખાતર સંદર્ભે માર્ગદર્શન આપ્યું હતું.



## વી.કેર ફાઉન્ડેશન દ્વારા મોટીવેશન શિબિર યોજાઈ

વી.કેર. ફાઉન્ડેશનના જે.સી.પટેલ દ્વારા વી.પી.એમ.પી કોલેજ ખાતે તાજેતરમાં મોટીવેશન શિબિર યોજાઈ હતી. જેમાં વિદ્યાર્થી ભાઈ-બહેનો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

# ભિલોડામાં ત્રિભોવનનગર વિસ્તારમાં પાડોશીએ જાતિ વિરૂદ્ધ અપશબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી

ભિલોડા,તા.૧૩

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે હાર્દસમા ત્રિભોવનનગર સોસાયટી વિસ્તારમાં મકાનના કામકાજ દરમ્યાન પાડોશીએ આદિવાસી જાતિ વિરૂધ્ધ અપશબ્દ બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપતાં ચકચાર મચી જવા પામી છે.

ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. ઈન્દુબેન ગામેતીના જણાવ્યા મુજબ ભિલોડાના હાર્દસમા ત્રિભોવનનગર વિસ્તારમાં મકાન ધરાવતા ધનજીભાઈ બદાજી ડામોરના પાડોશી વાસુદેવ દરીયાનુંમલ લોહાણા (મેઘાણી)ના મકાનના પ્રથમ માળે પ્લાસ્ટર,ચણતરનું કામકાજ ચાલતું હતું તે દરમ્યાન શાંતાબેન ધનજીભાઈ ડામોરએ મકાનનું કામકાજ કરતા કારીગરોને કપડું બાંધી દેવાનું કહ્યા બાદ પાડોશી મકાન માલીક વાસુદેવ દરીયાનુંમલ લોહાણા (મેઘાણી), દિપ્તીબેન વાસુદેવ મેઘાણીએ આવેશમાં આવી ધનજીભાઈ બદાજી ડામોરના ઘરમાં રસોડામાં પ્રવેશ કરી શાંતાબેનને મારવા દોડતા મહિલાએ બુમાબુમ કરતાં મારામારી દરમ્યાન મામલો ગરમાયો હતો ત્યારે મકાનનું કામકાજ કરતા કારીગરો ચારેય ઈસમોને ઘરની બહાર લઈ ગયા હતા તે દરમ્યાન મકાન માલીક વાસુદેવ દરીયાનુંમલ લોહાણા (મેઘાણી)એ બિભત્સ અપશબ્દો બોલી આદિવાસી ભીલડાઓને સરકારએ બહુ ચડાવી માર્યા છે. આદિવાસી જાતિ વિરૂધ્ધ અપશબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી જીલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કર્યો હોવાનો ગુનો નોંધી પોલીસએ વધુ તપાસ હાથ ધરી છે. ભિલોડા ત્રિભોવનનગર વિસ્તારના રહેવાસી નિવૃત ધનજીભાઈ બદાજી ડામોરએ પાડોશી મકાન ધરાવતા વાસુદેવ દરીયાનુંમલ લોહાણા (મેઘાણી), દિપ્તીબેન વાસુદેવ મેઘાણી વિરૂધ્ધ એટ્રોસીટી એક્ટ મુજબ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસએ ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરી છે. નાયબ પોલીસ અધિક્ષક, એસ.સી., એસ.ટી. સેલોડાસા, જી.અરવલ્લી, એસ.એસ.ગઢવી આ બનાવ સંદર્ભે વધુ તપાસ ચલાવી રહ્યા છે.

આ બનાવ સંદર્ભે આરોપી અને ફરીયાદીએ સામ સામે પોલીસ સ્ટેશનમાં ફરીયાદો નોંધાવતાં પોલીસએ બંન્ને ઈસમોની ફરીયાદો નોંધી ધારા ધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરી છે.

## કુલર બંધ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે ડેપો સંકુલમાં આવતા મુસાફરોને પીવાનુ ઠંડુ પાણી પણ નસીબ થતુ નથી. ડેપો સંકુલનુ વોટર કુલર પણ છેલ્લા કેટલાક દિવસોથી બંધ હાલતમાં છે. જેના લીધે આકરી ગરમીના દિવસોમાં ડેપો સંકુલમાં આવતા મુસાફરોની તરસ પણ છીપાતી નથી. ગરમીના દિવસોમાં સેવાભાવી સંસ્થાઓ અને અગ્રણીઓ શહેરમાં ઠેર ઠેર પાણીની પરબ શરૂ કરે છે. જયારે એસ ટી ડેપો જેવા જાહેર સ્થળોએ રોજબરોજ હજારો નાગરિકો અવરજવર કરતા હોવાછતા પાણીની સુવિધા પણ નથી. એકબાજુ નગરના એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવાની યોજના તૈયાર કરાઈ છે. ત્યારે ડેપો સંકુલમાં પીવાના પાણીની વ્યવસ્થા પણ મુસાફરોને ઉપલબ્ધ થતી નથી.

## બસ શરૂ કરાઈ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રૂટમાં બસ સેવા ગોઠવવા માટે પણ આયોજન હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. જયારે ખાસ કરીને સૌરાષ્ટ્ર રૂટમાં પણ નવી બસ સેવા શરૂ કરવા માટે સુર ઉઠ્યો છે. જયારે ગરમીના વેકેશનના દિવસોમાં વિશેષ કરીને બહારગામ જતા મુસાફરોને પણ સ્થાનિક ડેપોમાંથી જ બસ સેવા મળી રહે તેવી પણ માંગ ઉઠવા પામી છે.

## ગાંધી ૧૦૦ ● ચોથા પાનાનું ચાલું

ગાંધીજી વચને બંધાયા પણ રાજકુમાર શુક્લ 'ખેડૂ એમને ગાંધી ના છોડું' ના લાગણીસભર ભાવથી સતત ચંપારણ આવોની ઉઘરાણી જ કરતા રહ્યા. ગાંધીજી લખનૌથી કાનપુરને ત્યાંથી આશ્રમ, અમદાવાદ પહોંચ્યા હતા ત્યાં રાજકુમાર શુક્લ આવી પહોંચ્યા હતા. 'અબ તો દિન મુકર્રર કીજિયે'ની પુનઃ વિનંતી કરી. ગાંધીજીએ આ તદ્દન નિર્દોષ - ભોળા ધરતીપુત્રની સતત રજુઆતને સ્વીકારી લીધી. કયાં જવું, શું કરવું, શું જોવું એની કશી ખબર ના હોવા છતાં ગાંધીજીએ કલકત્તા તેઓ આવે ત્યારે ત્યાંથી ચંપારણ લઈ જવાનું કહી દીધું.

૧૯૧૭માં સાલના આરંભમાં ગાંધીજી જયારે કલકત્તામાં ભૂપેન બાપુને ઘરે પહોંચ્યા તે પહેલાં રાજકુમાર શુક્લ પહોંચી ગયા હતા, આમ એક અભણ અને અણઘડ જેવા પરંતુ અડગનિશ્ચિયી ખેડૂતે બાપુને ચંપારણ આવવા વશ કરી દીધા. આફ્રિકાના ગિરમીટાયા મજૂરોની જેમ ચંપારણના ખેડૂતોની ગુલામ સ્થિતિમાં એક ખેડૂતની મમતથી ચંપારણ સત્યાગ્રહ ગાંધીજીએ શરુ કર્યો. ૧૦૧ વર્ષ પહેલાના આ ગાંધી સત્યાગ્રહથી ગળીને ડાઘ તો ધોવાયો અને માત્ર બિહાર જ નહીં પણ આખા હિંદુસ્તાનને સાચા સ્વરાજની તાલીમ ગાંધીના માર્ગદર્શન હેઠળના સ્વદેશમાં સાચા સ્વરાજનાં સફળ સત્યાગ્રહની તાલીમ પણ મળી.

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

## વાવાઝોડુ

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. મકાનોની દિવાલો તુટી પડવાના કારણે મોટા ભાગના લોકોનો મોત થયા છે. વાવાઝોડા અને વરસાદના કારણે ઓછામાં ઓછા ૨૦૦ લોકો ઘાયલ થયા છે અને ૬૦૦ વીજળીના થાંભળા તુટી ગયા છે. આગરામાં ૧૪ લોકોના મોત થયા છે. જયારે મથુરા અને ફિરોજબાદમાં ચાર ચાર લોકોના મોત થયા છે. જે પૈકી સાત બાળકો છે. રાજસ્થાનમાં પાંચ બાળકો સહિત ૧૪ લોકોના મોત તો ધોલપુરમાં થયા છે. ભરતપુર જિલ્લામાં છ લોકોના મોત થયા છે. ગઈકાલે ગુરૂવારના દિવસે દિલ્હી ઉપરાંત નોઈડા, ગુડગાવ અને ગાઝિયાબાદમાં પણ હળવો વરસાદ થયો હતો. કેટલાક વિસ્તારોમાં વરસાદ શરૂ થયા બાદ સવાર સુધી વરસાદ જારી રહ્યો હતો. ઉત્તરપ્રદેશના કેટલાક ભાગોમાં પ્રચંડ પવન ફુંકતા નુકસાન થયુ હતુ.તોફાનના કારણે આગરામાં તાજમહેલને ભારે નુકસાન થયુ હતુ. દુનિયાના અજાયબીમાં સામેલ તાજ મહેલના દક્ષિણ અને રોયલ ગેટ્સના પથ્થરની મિનારો તુટી ગઈ હતી. ૧૩૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાયો હતો. જેના કારણે દક્ષિણ ગેટની એક મિનાર અને નાના સફેદ પથ્થરને નુકસાન થયુ હતુ.

## અટકાયત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દેવામાં આવ્યો છે. આ ચકચારી કેસમાં સેંગર પર સીબીઆઈ દ્વારા ત્રણ કેસ દાખલ કરવામાં આવ્યા છે. સમગ્ર મામલાની તપાસ માટે બનાવવામાં આવેલી તપાસ સમિતીએ પોલીસ મહાનિર્દેશકને તેનો હેવાલ મોકલી દીધો હતો. એસઆઈટીના હેવાલ ઉપરાંત જિલ્લા અધિકારી ઉન્નાવ અને ડીઆઈજી જેલે પણ આ મામલે જોડાયેલો હેવાલ વહીવટીતંત્ર પાસે મોકલી દીધો હતો.

ઉત્તરપ્રદેશમાં ભાજપના ધારાસભ્ય કુલદીપસિંહ સેંગરના મામલામાં યોગી સરકાર પણ આરોપોનો સામનો કરી રહી છે. ભાજપના ધારાસભ્યને બચાવવા માટે તેના પર આક્ષેપ કરવામાં આવી રહ્યો છે. અલ્હાબાદ હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવેલા જવાબમાં ઉન્નાવ ગેંગરેપના આરોપી સેંગરને હાલમાં સરકારે ક્લીનચીટ ગઈકાલે આપી દીધા બાદ આજે સેંગરની અટકાયત કરી લેવામાં આવી હતી. સરકારે કોઈ પુરાવા સેંગરની સામે હોવાનો ઈન્કાર કર્યો હતાઆ પહેલા બુધવારે રાત્રે હાઈપ્રોફાઈલ ડ્રામાની સ્થિતિ સર્જાઈ હતી. ઉન્નાવના બાંગરમઉ સીટના ધારાસભ્ય સેંગર લખનૌ એસએસપીના આવાસ ઉપર પહોંચ્યા હતા. પહેલા તેમની શરણાગતિની ચર્ચા હતી પરંતુ મોડેથી ધારાસભ્યએ કહ્યું હતું કે, તેઓ એસએસપીને એમ કહેવા આવ્યા હતા કે, તેઓ અહીં જ ફરાર થયા નથી. ઉન્નાવ ગેંગરેપ કેસમાં મોડી રાત્રે ઉત્તરપ્રદેશ સરકારે સીબીઆઈ તપાસની ભલામણ કરી હતી. આ મામલામાં અલ્હાબાદ હાઈકોર્ટે પણ બુધવારે કઠોર વલણ અપનાવ્યું હતું. રેપના આરોપી કુલદીપ સેંગરની ધરપકડ કરવામાં આવશે કે કેમ તેવો પ્રશ્ન કોર્ટે સરકારને કર્યો હતો. કોર્ટના આ આદેશ બાદ ઉત્તર પ્રદેશ સરકાર પાસેથી રિપોર્ટની માંગ કરવામાં આવી હતી.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે
રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧